# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

- ✓ લોકસભાના ત્રીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું - વિવિધ રાજકીય પક્ષોના નેતાઓનો રોડ શો અને ચૂંટણી સભા દ્વારા પ્રજાને રિઝવવાનો પ્રયાસ
- ✓ દિલ્હી કોંગ્રેસ અધ્યક્ષ અરવિંદ સિંહ લવલીએ નારાજગીનું કારણઆપતા પદ પરથી આપ્યું રાજીનામું.
- ✓ ઇરાકની સંસદે સમલૈંગિક સંબંધોને અપરાધ ગણાવતો કાયદો પસાર કર્યો - લગ્ન કરનારને 15 વર્ષની જેલની સજાની જોગવાઈ
- ✓ તીરંદાજી વિશ્વકપમાં ભારતના ધીરજ દેવરા, તરુણદીપરાય અને પ્રવિણ જાધવે દક્ષિણ કોરિયાના ચેમ્પિયન્સને હરાવીને જીત્યો સુવર્ણ ચંદ્રક....
- ✓ અને આજે IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે થશે મુકાબલો

.................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Lok Sabha elections

દેશમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે વિવિધ પક્ષોના ટોચના નેતાઓ વિવિધ મતવિસ્તારોમાં ચૂંટણી રેલીઓ અને રોડ શો યોજી રહ્યા છે.

આ તબક્કામાં 7મી મેના રોજ 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં 95 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં કુલ એક હજાર 351 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે કર્ણાટકમાં ચાર રેલીઓને સંબોધશે.

હવે તેઓ બેલાગાવીમાં એક જાહેર રેલીને સંબોધિત કરી હતી. ત્યારપછી તેઓ ઉત્તરા કન્નડ લોકસભા મતવિસ્તારના સિરસી પહોંચશે અને એક જાહેર રેલીને સંબોધશે. ત્યાર પછી ભાજપના વરિષ્ઠ નેતા દાવંગેરે પહોંચશે અને બપોર પછી પ્રચાર શરૂ કરશે અને છેવટે સાંજે બેલ્લારીથી દિવસની અંતિમ રેલીને સંબોધશે. ઉત્તર પ્રદેશમાં પણ આજે ભારે જોર-શોરથી પ્રચારકાર્ય જોવા મળી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ રાજ્યમાં ત્રણ રેલીઓને સંબોધિત કરશે. ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ બરેલી, બદાયુન અને એટા જિલ્લામાં રેલીઓને સંબોધિત કરશે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પણ પાર્ટીના ઉમેદવાર માટે પ્રચાર કરશે. તેઓ સંભલ જિલ્લામાં અન્ય એક રાજકીય રેલીને પણ સંબોધિત કરશે.

તો રાહુલ ગાંધીએ ઓડિશાના કેન્દ્રપાડામાં ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે, કોંગ્રેસ સત્તામાં આવશે તો ગરીબ, પરિવારની મહિલાઓને તેમના ખાતામાં વાર્ષિક એક લાખ રૂપિયા આપવામાં આવશે.

# DELHI CONGRESS

દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અરવિંદર સિંહ લવલીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં, શ્રી લવલીએ જણાવ્યું હતું કે, દિલ્હી કોંગ્રેસ એકમ આમ આદમી પાર્ટી સાથેના જોડાણની વિરુદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, આપ દ્વારા કોંગ્રેસ ઉપર ભ્રષ્ટાચારના ખોટા આરોપ લગાવવામાં આવ્યા હતા અને કોંગ્રેસ સામે અપપ્રચાર પણ કરાયો હતો. તેમ છતાં પણ કોંગ્રેસે દિલ્હીમાં આપ સાથે જોડાણ કર્યું છે.

તેમણે પોતાના પત્રમાં નારાજગી સાથે વધુમાં લખ્યું હતું કે, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતની સરકાર દરમિયાન થયેલા વિકાસ કાર્યોની તુલનામાં વર્તમાન આપના શાસનમાં જાહેર માળખાકીય સુવિધાઓ ખૂબ જ કંગાળ છે.

# RAJNATH SINH- GUJ. VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને કન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહપ્રચાર માટે ગુજરાતના પ્રવાસે છે.. તેમણે આજે સવારે અમદાવાદ ભાજપના પ્રદેશકાર્યાલય ખાતેથી પત્રકાર પરિષદને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારની દસ વર્ષની ઉપલબ્ધીઓ અને સુશાસન પ્રજા સમક્ષછે. તેમણે કહ્યં હતું કે, કોંગ્રેસ દ્વારા લોકશાહી ખતરામાંછે તેવા આરોપો લગાવાયા છે તે તદ્દન પાયા વિહોણા છે. તેમણે વળતો પ્રહાર કરતાંકહ્યું કે, કોંગ્રેસ જ કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરી હતી તે દેશ જાણે છે.

(બાઇટ- રાજનાથ સિંહ).

# MANIPUR-REPOLLING

ચૂંટણી પંચે મંગળવારે આઉટર મણિપુર મતવિસ્તારમાં છ મતદાન મથકો પર ફરીથી મતદાન કરવાનો નિર્દેશ આપ્યો છે. આ મતવિસ્તારમાં ગયા શુક્રવારે મતદાન થયું હતું.

આ મતદાન મથકો પર 26મી એપ્રિલે યોજાયેલ મતદાન રદ ગણવામાં આવશે અને 30મી એપ્રિલના રોજ સવારે 7 થી સાંજે 4 વાગ્યા સુધી પુનઃ મતદાન યોજાશે. જેમાંથી પાંચ મતદાન કેન્દ્ર ઉખરુલમાં છે અને એક કેન્દ્ર સેનાપતિ જિલ્લામાં છે.

# ASAAM CAMPAGIN

આસામમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે. ત્રીજા તબક્કામાં ગુવાહાટી, બરપેટા, કોકરાઝાર અને ધુબરી બેઠકોમાં મતદાન યોજાનારૂ છે.

આ તમામ બેઠકો ઉપર 47 ઉમેદવારો મેદાનમાં છે. મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા હિમંતા બિસ્વા સરમા, AIUDF ચીફ બદરુદ્દીન અજમલ, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરાહ, આસોમ ગણ પરિષદના પ્રમુખ અતુલ બોરા અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટના વડા પણ મતદારોને રીઝવવા માટે જનસભાઓ કરી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ પણ આવતીકાલે ગુવાહાટીમાં રોડ શો કરશે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ પ્રતિષ્ઠિત ગુવાહાટી લોકસભા બેઠકો પર મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપે વર્તમાન સાંસદ રાણી ઓજાના સ્થાને પાર્ટીના નેતા બિજુલી કલિતા મેધીને ટિકિટ આપી છે જ્યારે કોંગ્રેસે ભાજપના પૂર્વ નેતા મીરા બોરઠાકુર ગોસ્વામીને મેદાનમાં ઉતાર્યા છે.

# IRAQ'S BANS SAME-SEX RELATIONS

ઈરાકની સંસદે શનિવારે સમલૈંગિક સંબંધોને અપરાધ ગણવતો કાયદો પસાર કર્યો હતો.

આ નવા કાયદામાં મહત્તમ 15 વર્ષની જેલની સજાની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સમલૈંગિક સંબંધો પર પ્રતિબંધ ફરમાવાયો છે. સમલૈંગિકતા અથવા દેહવેપારને પ્રોત્સાહન આપનારાને ઓછામાં ઓછા સાત વર્ષની જેલની સજાની જોગવાઇ કરવામાં આવી છે.

ઇરાકની સંસદમાં સૌથી મોટુ ગઠબંધન ધરાવતા રૂઢિચુસ્ત શિયા મુસ્લિમ પક્ષો દ્વારા કાયદાને સમર્થન આપવામાં આવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આપગલાનો ઉદ્દેશ્ય ધાર્મિક મૂલ્યોને જાળવી રાખવા અને ઈરાકી સમાજને નૈતિક અધોગતિથી બચાવવાનો છે. નોંધપાત્ર બાબત એ છે કે, સમલૈંગિક જાતીય કૃત્યો 130થી વધુ દેશોમાં કાયદેસર છે, જ્યારે 60થી વધુ દેશોએ ગે-સેક્સને ગુના તરીકે  જાહેર કર્યો છે.

# ARCHERY- WORLD CUP

ચીનના શાંઘાઈમાં તિરંદાજી વિશ્વકપમાં રિકર્વ મેન્સ ટીમ સ્પર્ધામાં ભારતે સુવર્ણ ચંદ્રકજીત્યો છે. ભારતીય તીરંદાજોની ત્રિપુટી - ધીરજ બોમ્મા દેવરા, તરુણદીપરાય અને પ્રવીણ જાધવે દક્ષિણ કોરિયાના વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયનને હરાવી ખિતાબ જીત્યો હતો.

આ પ્રથમ વખત છે જ્યારે તીરંદાજી વિશ્વકપ ફાઇનલમાં ભારતે શ્રેષ્ઠ તીરંદાજોને પાછળ છોડીને જીત નોંધાવી છે. આનાથી આગામી પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ટીમ ભાગ લે તેવી શક્યતા વધી ગઈ છે. ભારતે આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં પાંચ સુવર્ણ, એક રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યોછે. વિશ્વના પૂર્વ નંબર-1 તિરંદાજ દીપિકા કુમારી મહિલા રિકર્વ વ્યક્તિગત સેમિફાઇનલમાં વધુ એક ચંદ્રક મેળવે તેવી શકયતા છે.

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે. મેચ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. અન્ય એક મેચમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે ટકરાશે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઇકાલે રાજસ્થાન રોયલ્સે લખનઉ સુપર કિંગ્સને સાત વિકેટે હરાવ્યું હતું. લખનઉએ 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 196 રન બનાવ્યા હતા જેના જવાબમાં રાજસ્થાને 19 ઓવરમાં 199 રન બનાવીને મેચ જીતી લીધી હતી. કેપ્ટન સંજુ સેમસને અણનમ 71 અને ધ્રુવ જુરેલે અણનમ 52 રનની ભાગીદારી કરી મેચ જીતી લીધી હતી. મેચના અંતમાં સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# BJP - TMC

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પશ્ચિમ બંગાળમાં સંદેશ ખાલીની સ્થિતિ માટે મુખ્યમંત્રી મમતા બેનર્જીને જવાબદાર ઠેરવ્યા છે.

સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે, સંદેશખાલીમાં અસામાજિક તત્વો હજુ પણ મહિલાઓ માટે ખતરો છે. તપાસ એજન્સીઓ પર હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળ સરકાર રાજ્યમાં અરાજકતા પેદા કરી રહી છે.

બીજી બાજુ, શ્રી નડ્ડાના નિવેદન પર, તૃણમૂલ કોંગ્રેસના નેતા સાગરિકા ઘોષે કહ્યું કે, સંદેશખાલી ઘટનાના તમામ આરોપીઓ જેલમાં છે.

# IRAN_INDIA CRUEW

પોતાની જળસીમામાંથી ઇરાને જપ્ત કરેલા પોર્ટુગિઝ ફ્લેગવાળા જહાજમાં ભારતીય ક્રૂ હતા. ઇરાનના કબજામાં રહેલા ક્રુને ઇરાન સ્થિત ભારતીય દૂતાવાસના અધિકારીઓ મળ્યાં હતાં.

ઈરાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું  કે, તેઓ માનવતાવાદી મુદ્દા તરીકે જહાજના ભારતીય ક્રૂને મુક્ત કરવા પર વિચાર કરી રહ્યા છે. અગાઉ ગુરુવારે, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, બાકીના 16 ભારતીય ક્રૂ સભ્યોના પરત ફરવામાં કેટલીક તકનીકી બાબતો સામેલ છે.

શ્રીજયસ્વાલે જણાવ્યું હતું કે, ભારતીય અધિકારીઓ ક્રૂને મળ્યા હતા અને તેમના પરિવારોસાથે સતત સંપર્કમાં છે. ઈરાનના અર્ધલશ્કરી દળ રિવોલ્યુશનરી ગાર્ડે આ મહિનાની શરૂઆતમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના હુમલાઓ વચ્ચે ઈઝરાયેલ સંબધિત પોર્ટુગીઝ-ધ્વજવાળું, એક કન્ટેનર જહાજ જપ્ત કર્યું હતું, જેમાં ભારતીય ક્રુ હતા. આ અંગેની જાણકારી બાદ ભારતીય વિદેશ મંત્રાલયે ઇરાનને તેમના ક્રુને મુક્ત કરવાની અપીલ કરી હતી.